CHIPS Express
www.chipsairexp.com
પરદેશ પાર્સલ સેવા
અટરીયા-ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર.
M. 9227706105
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૮૯ | ૧૮ સપ્ટેમ્બર, ૨૦૧૮, મંગળવાર; ભાદરવા સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### રક્ષામંત્રીને જાનથી મારી નાંખવાની ધમકી

ઉત્તરાખંડ પહોંચેલા રક્ષામંત્રી નિર્મલા સીતારામનને સોશીયલ મીડિયા પર જાનથી મારી નાંખવાની ધમકી આપવામાં આવી છે. જેની માહિતી મળતા જ પોલીસમાં દોડાદોડ થઈ ગઈ છે.

### ભીમા-કોરેગાંવ હિંસાના આરોપીઓને મુક્તિ નહી

સુપ્રિમ કોર્ટમાં ભીમા-કોરેગાંવ હિંસામાં જોડાયેલા પાંચ વિચારકો મામલે લાંબી સુનવણી બાદ તેમને નજરબંધ રાખવાની તારીખ લંબાવી દેવાઈ છે. હવે તેઓ ૧૯મી સુધી નજરબંધ રહેશે.

### સેરિડોન પરનો પ્રતિબંધ હટ્યો

સુપ્રિમ કોર્ટે સેરિડોનના નિર્માણ અને વિતરણની પરવાનગી આપી દીધી છે. ગયા સપ્તાહે કેન્દ્ર સરકારે ૩૨૮ દવાઓ પર પ્રતિબંધ મુક્યો હતો જેમાં સેરિડોન સામેલ હતી.

### અફઘાનિસ્તાનમાં આતંકી હુમલામાં ૧૦ના મોત


તાલિબાન આતંકવાદીઓએ અફઘાન પોલીસ પર હુમલો કરતા ૧૦ સુરક્ષાકર્મીઓના મૃત્યુ નીપજ્યા છે. બાદગીસ પ્રાંતની રાજધાની કલા એનોમાં આ હુમલો થયો હતો. સામસામે ગોળીબારમાં આતંકવાદીઓ પણ મોટી સંખ્યામાં માર્યા ગયા છે.

### મલયાલી અભિનેતા કેપ્ટન રાજુનુ નિધન

કેરળના દિગ્ગજ અભિનેતા કેપ્ટન રાજુનુ તેમના નિવાસસ્થાને નિધન થયું છે. તેઓએ ૫૦૦થી વધુ મલયાલી ફિલ્મોમાં કામ કર્યુ હતુ. તેઓને અમેરિકાના પ્રવાસ દરમ્યાન સ્ટ્રોક આવ્યો હતો.

# શેરબજારમાં બ્લેક મન્ડેથી હડકંપ

**સેંસેક્સમાં ૫૦૫ પોઇન્ટ સુધી થયેલો ઘટાડો : કારોબારીઓ હચમચી ઉઠ્યા : આરઆઈએલના શેરમાં ૨.૩ ટકા અને સનફાર્માના શેરમાં ૨.૭ ટકા સુધીનો ઘટાડો થયો : ફાઈનાન્સિયલ શેરોમાં પણ અફડાતફડી : અનેક કારણો રહ્યા**



મુંબઈ,તા. ૧૭

શેરબજારમાં આજે ભારે અફડાતફડી રહી હતી. શેરબજાર ધરાશાયી થવાના કારણે કારોબારી હચમચી ઉઠ્યા હતા. કારોબારના પ્રથમ દિવસે બ્લેક મંડેની સ્થિતિ રહી હતી અને બેંચમાર્ક ઈન્ડેક્સમાં એક ટકાથી વધુનો ઘટાડો રહ્યો હતો. વૈશ્વિક શેરબજારમાં પરિબળોની સીધી અસર જોવા મળી હતી. ચીની આયાત ઉપર નવેસરના નિયંત્રણો લાગૂ કરવાની યોજના અમેરિકા ધરાવે છે. આની જાહેરાત કોઈપણ સમયે કરવામાં આવી શકે છે. આવી સ્થિતિમાં શેરબજારમાં અફડાતફડી રહી હતી. સેંસેક્સ આજે ૫૦૫ પોઈન્ટ ઘટીને ૩૭૫૮૬ની નીચી સપાટીએ રહ્યો હતો જ્યારે બ્રોડર નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ ૧૩૭ પોઈન્ટ ઘટીને ૧૧૩૭૮ની સપાટીએ રહ્યો હતો. આ ઉપરાંત કમજોર રૂપિયાની અસર પણ જોવા મળી હતી. ઈન્ટ્રા ડેના કારોબાર દરમિયાન તેની સપાટી ૭૨.૬૨ સુધી નીચે પહોંચી હતી. શુક્રવારના દિવસે રૂપિયો ૩૪ પૈસા મજબૂત થઈને એક સપ્તાહની ઉંચી સપાટીએ બંધ રહ્યો હતો. એટલે કે ડોલર સામે રૂપિયો ૭૧.૮૪ની સપાટીએ રહ્યો હતો. સરકાર દ્વારા રૂપિયાના અવમૂલ્યનને રોકવા માટે કેટલાક પગલા લેવામાં આવનાર છે તેવી આશા વચ્ચે ડોલર સામે રૂપિયામાં રિકવરી જોવા મળી છે.

● અનુસંધાન પાન-૭ પર

## પારિકર હોસ્પિટલમાં, કોંગ્રેસે સરકાર બનાવવાનો દાવો કર્યો

**રાજભવનમાં રાજ્યપાલ ન મળતાં પત્ર આપ્યો, કોંગ્રેસે કહ્યું અમારી પાસે પૂરતુ સંખ્યાબળ**



પણજી, તા.૧૭

ગોવાના મુખ્યમંત્રી મનોહર પારિકરનું સ્વાસ્થ ખરાબ હોવાને કારણે ગોવાનું રાજકારણ ગરમાયુ છે. લાંબા સમયથી બીમાર રહેલા સીએમ પારિકર હાલ એઈમ્સમાં સારવાર લઈ રહ્યા છે. આ દરમિયાન કોંગ્રેસના કેટલાક ધારાસભ્યો રાજ્યપાલ મૃદુલા સિન્હા સાથે મુલાકાત કરવા રાજ ભવન પહોંચ્યા હતા. જોકે રાજ્યપાલ સાથે તેમની સાથે મુલાકાત થઈ શકી ન હતી તો તેઓ રાજભવનમાં એક પત્ર આપી આવ્યા હતા.

કોંગ્રેસના ૧૪ ધારાસભ્યોએ રાજભવન જઈને સરકાર રચવાનો દાવો રજુ કર્યો હતો. જોકે રાજ્યપાલ સાથે તેમની સાથે મુલાકાતી થઈ શકી નહતી તો તેઓએ રાજભવનમાં એક પત્ર આપ્યો હતો. ગોવામાં કોંગ્રેસના કુલ ૧૬ ધારાસભ્યો છે. કોંગ્રેસનું કહેવું છે કે, તેમની પાસે એક એનસીપી ધારાસભ્ય સહિત કુલ ૧૭ ધારાસભ્યનો સમર્થન છે. સૂત્રોના જણાવ્યા મુજબ રાજ્યપાલ રાજભવનમાં હાજર ન હતા.

ગોવામાં કોંગ્રેસ ધારાસભ્ય દળના નેતા સી. કાવલેકરે જણાવ્યું કે, અમે આ પ્રદેશમાં સૌથી મોટી પાર્ટી છીએ.

● અનુસંધાન પાન-૭ પર

# ચીનમાં પણ માંગખુટ તોફાનથી ભારે નુકસાન

**લાખોને માઠી અસર : ફિલિપાઇન્સ-હોંગકોંગમાં જનજીવનને સામાન્ય બનાવવાના પ્રયાસ : હાલના વર્ષોના વિનાશક તોફાન ત્રાટક્યા બાદથી હોંગકોંગમાં ફાઈનાન્સિયલ માર્કેટો અને ઓફિસો ખુલી : ચીનના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ ખાબક્યો**

બેજિંગ,તા. ૧૭

ફિલિપાઈન્સ અને હોંગકોંગમાં ભારે તારાજી સર્જયા બાદ વિનાશકારી માંગખુટ તોફાનની અસર હવે ધીમે ધીમે ઘટી રહી છે. જો કે, સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. ફિલિપાઈન્સ અને હોંગકોંગમાં ભારે નુકસાન પહોંચ્યા બાદ આ વિનાશકારી વાવાઝોડું હવે ચીન પહોંચી જતા ત્યાં પણ લોકોને માઠી અસર થઈ છે. પ્રાપ્ત અહેવાલ મુજબ ૨૪.૫ લાખ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડી લેવામાં આવ્યા છે. આ તોફાનના કારણે ફિલિપાઈન્સમાં મોતનો આંકડો વધીને હવે ૬૨ ઉપર પહોંચી ગયો છે. તોફાનના કારણે જિયાંગમેન શહેરના દરિયાકાઠાના વિસ્તારોમાં અસર જોવા મળી રહી છે. અહીં ૧૬૨ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાઈ રહ્યો છે. હેવાલમાં કહેવામાં આવ્યુ છે કે હજુ સુધી ૨૪.૫ લાખ લોકોને વિસ્તારમાંથી સુરક્ષિત ખસેડી લેવામાં આવ્યા છે. આવી જ રીતે ૪૮૦૦૦થી વધારે માછીમારોની નોકાને પાછી બોલાવી લેવામાં આવી છે. ૨૯૦૦૦થી વધારે નિર્માણ સ્થળો પર કામગીરીને રોકી દેવામાં આવી છે. ૬૩૨ સ્થળોને પર કામને બંધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

સાવચેતીના પગલારૂપે ચીનના બે વિમાનીમથક પર ૪૦૦ ફ્લાઈટોને રોકી દેવામાં આવી છે. ૩૭૭૭ ઈમરજન્સી સેન્ટરો ખોલી દેવામાં આવ્યા છે. ૧૦૦૦થી વધારે લાઈફ બોટ તૈયાર રાખવામાં આવી છે. બચાવ ટીમો પણ પહેલાથી જ તૈયાર રાખવામાં આવી છે.

## બસપા સાથે ગઠબંધન કરવા સપા પૂર્ણ તૈયાર : અખિલેશ

**પીછેહઠ કરવી પડશે તો પણ પાર્ટી કરશે : સીટોની ફોર્મ્યુલાને લઇને ગાડી અટવાઈ પડી છે : રિપોર્ટ**

નવીદિલ્હી, તા. ૧૭

લોકસભાની ચૂંટણી આડે વધારે સમય રહ્યો નથી ત્યારે મહાગઠબંધન બનાવવાના પ્રયાસ યુદ્ધના ધોરણે ચાલી રહ્યા છે. માયાવતીએ વિરોધ પક્ષોને એમ કહીને ચોંકાવી દીધા છે કે, કોઈપણ ગઠબંધનમાં તેમની પાર્ટી એ વખતે જ જશે જ્યારે તેમની પાર્ટીને પુરતા પ્રમાણમાં સીટો મળશે. હજુ સુધી એમ માનવામાં આવી રહ્યું નથી કે, સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટી કઈરીતે આગળ વધશે. બીજી બાજુ માયાવતીએ કેટલાક રાજ્યોમાં પણ વધારે સીટો માંગીને મહાગઠબંધનની શક્યતાઓના સંદર્ભમાં નવા સેકેત આપ્યા છે. બહુજન સમાજ પાર્ટી અન્ય રાજ્યોમાં વધારે પ્રભુત્વ ધરાવતું નથી પરંતુ માયાવતીએ દબાણપૂર્વકની રણનીતિ અપનાવવાની શરૂઆત કરી છે. મહાગઠબંધન ચોક્કસપણે બનશે પરંતુ સીટોની ફોર્મ્યુલાને લઈને ગાડી અટવાઈ પડી છે. બીજી બાજુ માયાવતીના નિવેદન બાદ સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવે કહ્યું છે કે, સમાજવાદી પાર્ટી ચોક્કસપણે ગઠબંધન કરશે. થોડીક પીછેહઠ કરવી પડશે તો પણ કરશે. અખિલેશે કહ્યું છે કે, ભાજપને હરાવવા માટે તેમની પાર્ટી કોઈપણ કિંમતે ગઠબંધન કરશે. તેમની પાર્ટીનો એજન્ડા દેશને બચાવવાનો રહેલો છે. આના માટે તમામ પાર્ટી આગળ આવે તે જરૂરી છે. માત્ર રાજકીય પક્ષો જ નહીં બલ્કે દેશની જનતા પણ ભાજપને દૂર કરવા ઈચ્છુક છે. આવનાર સમયમાં શાનદાર ગઠબંધન બનશે. બીજી બાજુ માયાવતીએ એમ કહીને વિરોધ પક્ષોને ચોંકાવી દીધા છે કે, તે એજ વખતે ગઠબંધન કરશે જ્યારે પુરતી સંખ્યામાં સીટો મળી શકશે.

કોંગ્રેસ પાર્ટી પેટ્રોલ અને ડીઝલની કિંમતોને લઈને મેદાનમાં ઉતરવા તૈયાર છે. ઉત્તરપ્રદેશમાં ગઠબંધનમાં કોંગ્રેસની મુશ્કેલી પણ વધેલી છે. કોંગ્રેસ પાર્ટી પોતે પણ ૧૦થી ઓછી સીટો માટે તૈયાર નથી.

# મધ્યપ્રદેશમાં રાહુલે રણશિંગુ ફુંક્યું

**રાહુલ ગાંધીના ૧૩ કિલોમીટરના રોડ શોમાં લોકો ઉમટી પડ્યા : ગુજરાત રાજ્ય બાદ મધ્યપ્રદેશમાં પણ સોફ્ટ હિન્દુત્વના રસ્તા ઉપર આગળ વધવા કોંગ્રેસ સુસજ્જ : કાર્યકરોના હાથમાં ગણેશની પ્રતિમાઓ નજરે પડી**





ભોપાલ, તા. ૧૭

કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ મધ્યપ્રદેશમાં ચૂંટણી પ્રચાર માટેનું રણશીંગુ આજે ફુંકી દીધું હતું. રાહુલ ગાંધીએ રોડ શો યોજીને તમામને કોંગ્રેસ તરફ ખેંચવાના પ્રયાસ કર્યા હતા. ભોપાલમાં રાહુલ ગાંધીના રોડ શો પહેલા પોસ્ટરોથી કોંગ્રેસના વિસ્તારો ભરચક દેખાયા હતા. કોંગ્રેસ અધ્યક્ષને શિવ ભક્ત તરીકે પોસ્ટરમાં દર્શાવવામાં આવ્યા હતા. રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજયસિંહ પોસ્ટરથી ગાયબ દેખાયા હતા. રાહુલ ગાંધીએ પૂજા અર્ચના સાથે રોડ શોની શરૂઆત કરી હતી. કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ પણ તેમની સાથે જોડાયા હતા. કાર્યકર્તાઓના હાથમાં ગણેશ પ્રતિમા પણ જોવા મળી હતી. કોંગ્રેસે સ્પષ્ટતા કરી હતી કે, ગુજરાત બાદ મધ્યપ્રદેશમાં પણ કોંગ્રેસ પાર્ટી સોફ્ટ હિન્દુત્વના મામલા પર આગળ વધશે. રાહુલે ભોપાલમાં લાલઘાટીથી દશેરા મેદાન સુધી આશરે ૧૩ કિલોમીટર લાંબા રોડ શો મારફતે માહોલ કોંગ્રેસ તરફથી કરવાના પ્રયાસ કર્યા હતા. રાહુલ ગાંધી બપોરે એક વાગે ભોપાલ પહોંચ્યા હતા. તેમના સ્વાગત માટે કમલનાથ અને જ્યોતિરાદિત્ય સિંધિયા પણ પહોંચ્યા હતા. રોડ શોની શરૂઆત પહેલા વિશેષ પુજા અર્ચના કરવામાં આવી હતી. શંખનાદ પણ કરવામાં આવ્યો હતો. કોંગ્રેસના કાર્યકરો ગણેશની પ્રતિમા સાથે જે નજરે પડ્યા હતા. રાહુલની યાત્રા પહેલા જ કોંગ્રેસે તમામ જગ્યાઓએ પોસ્ટરો દૂર કરી દીધા હતા અને માત્ર રાહુલ ગાંધીના પોસ્ટરો લગાવવામાં આવ્યા હતા. પોટામાં શિવલિંગ ઉપર જળાભિષેક કરતા રાહુલ નજરે પડ્યા હતા. કેટલાક પોસ્ટરમાં રાહુલ બેકગ્રાઉન્ડમાં કૈલાશ માનસરોવરમાં દેખાઈ રહ્યા હતા. જો કે, પાર્ટીની અંદર પોસ્ટરોમાં દિગ્વિજય ગાયબ રહેતા આની ચર્ચા જોવા મળી હતી.

● અનુસંધાન પાન-૭ પર

ઓગસ્ટ થી દિવાળી કપલ / ફેમીલી / LTC પ્રવાસો
આંદામાન - નિકોબાર
હેવલોક-નીલ આઇલેન્ડ
સ્પે. કેરાલા
મુન્નાર-થેકડી
દાર્જીલીંગ
ગંગટોક-પેલીંગ
સિમલા
મનાલી-ડેલ-અમૃત
કુર્ગ-કબિની
વાયનાડ-હસન
ભુતાન
પારો-થિમ્પુ-પુનાખા
નૈનિતાલ
કોર્બેટપાર્ક-મસૂરી
Since 1951
નૂતન ટ્રાવેલ્સ
કરીશ્મા, સ્ટેડીયમ સર્કલ
સી.જી.રોડ, અમદાવાદ
26562322/24/25
M.:9427455274/9724303375/9898023955

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય


## પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં આગ યથાવત

નવી દિલ્હી, તા.૧૭

પેટ્રોલ-ડીઝલની કિંમતમાં ભાવ વધારાના દોર આજે પણ જારી રહ્યો હતો. સામાન્ય લોકોને ભાવ વધારાથી કોઈ પણ રાહત મળી રહી નથી. આજે સોમવારના દિવસે વધુ વધારો કરાયો હતો. દેશના પાટનગર દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૧૫ પૈસા વધીને લીટરદીઠ ૮૨.૦૬ રૂપિયા થઈ ગઈ હતી. જ્યારે ડીઝલની કિંમત છ પૈસા વધીને લીટરદીઠ ૭૩.૭૮ સુધી નીચે પહોંચી ગઈ હતી. બીજી બાજુ વાણિજ્ય પાટનગર મુંબઈમાં પેટ્રોલની કિંમત ૧૫ પૈસા પ્રતિ લીટર વધીને ૮૯.૪૪ સુધી પહોંચી ગઈ હતી. ડીઝલનની કિંમત સાત પૈસા વધીને ૭૮.૩૩ સુધી પહોંચી ગઈ હતી. જાણકાર લોકો કહી રહ્યા છે કે આ વધારો હજુ જારી રહે તેવી શક્યતા છે. દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં ભાવ વધારો સૌથી વધારે જોવા મળી રહ્યો છે.

# મોદીના જન્મદિવસે દિનભર શુભેચ્છાઓનો વરસાદ રહ્યો

**રાહુલ ગાંધીએ પણ મોદીને શુભેચ્છા પાઠવી : નરેન્દ્ર મોદીએ વડનગર રેલવે સ્ટેશન ઉપર ચા વેચવામાં પોતાના પિતાની મદદ કરી હતી : ખુબ સંઘર્ષ કરી ચુક્યા**




નવીદિલ્હી, તા.૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસે આજે તમામ તેમના સમર્થકો અને વિરોધીઓ દ્વારા પણ તેમને શુભેચ્છા પાઠવવામાં આવી હતી. કોંગ્રેસ સહિત તમામ રાજકીય પક્ષોના નેતાઓએ પણ મોદીને સવારમાં જ શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે જુદા જુદા કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું હતું. સવારથી જ તેમના સમર્થકો દ્વારા જુદા જુદા કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. કોંગ્રેસના પ્રમુખ રાહુલ ગાંધીએ પણ મોદીને શુભેચ્છા પાઠવી હતી અને તેમના આરોગ્યની કામના કરી હતી. અન્ય રાજકીય પક્ષોના નેતાઓએ પણ મોદીને શુભેચ્છા પાઠવી હતી. સવારથી જ શુભેચ્છાઓનો વરસાદ શરૂ થયો હતો.

એક સામાન્ય પરિવારથી વડાપ્રધાન બનવા સુધીની તેમની યાત્રા ખુ જ પ્રેરણા સમાન રહી છે. તેમના વિરોધીઓ પણ તેમની શિસ્તની હમેંશા પ્રશંસા કરતા રહે છે.

અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા
7% FAT
₹27*/500mL
અમૂલ ડાયમંડ
Amul Diamond rich & creamy milk
*MRP (incl. of all taxes), transportation and cooling charges included.Conditions apply.
For any clarification please contact us on 079 - 23969055 / 56 / 57